# ઉર્જા રાજ્યમંત્રીના હસ્તે અમરેલીના જાળીયા અને રાંઢીયા મુકામે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત સંપન્ન

## જાળીયા મુકામે અંદાજે રૂ. ૨ કરોડથી વધુના ખર્ચે સુવિધાપથ (સી.સી રોડ) બનશે, રૂ. ૨૫ લાખના ખર્ચે ગ્રામ પંચાયતનું નવું ભવન આકાર પામશે

અમરેલી:

અમરેલીના જાળીયા અને રાંઢીયા મુકામે ઉર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જાળીયા મુકામે અંદાજે રૂ. ૨ કરોડથી વધુના ખર્ચે સુવિધાપથ (સી.સી રોડ) બનશે, રૂ. ૨૫ લાખના ખર્ચે ગ્રામ પંચાયતનું નવું ભવન આકાર પામશે. અંદાજિત રૂ. ૬.૫ કરોડના ખર્ચે જાળીયા-કેરાળા-હડાલા રોડ પર સ્ટ્રક્ચર નિર્માણ કામગીરીનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ. જાળીયા મુકામે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં





આવતા નાગરિકોની જનસુવિધાઓમાં વધારો થશે.રાંઢીયા મુકામે રૂ. ૨૫ લાખના ખર્ચે નવું પંચાયત ભવન આકાર પામશે, રાજ્યમંત્રીશ્રીએ નવા પંચાયત ભવનની કામગીરીનું ખાતમુહૂર્ત કર્યું હતું.


અમરેલીના જાળીયા મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત પ્રસંગે રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, સમગ્ર જિલ્લામાં વિકાસકાર્યો તેજ ગતિએ આગળ ધપી રહ્યા છે. રાજ્ય સરકારે મોટું મન રાખીને ખેડૂતોને રૂ. ૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ આપ્યું હતું. રાજ્યમંત્રીશ્રીએ અમરેલીમાં જિલ્લામાં વિવિધ વિકાસકામોની ભેટ બદલ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો ધન્યવાદ વ્યક્ત કર્યો હતો.

અમરેલીના જાળીયા અને રાંઢીયા મુકામે વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સભ્યશ્રીઓ, સરપંચશ્રીઓ, ગ્રામ પંચાયત સભ્યશ્રીઓ, સ્થાનિક અગ્રણીશ્રીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉર્જા રાજ્યમંત્રીએ જિલ્લાકક્ષા એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૬ની મુલાકાત લીધી

## એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં જિલ્લાના ગૌરવવંતા શિક્ષકોના વિવિધ પ્રકારના ઈનોવેશનનું નિદર્શન

અમરેલી:અમરેલી ખાતે ઉર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે આયોજિત જિલ્લાકક્ષા એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ-૨૦૨૬માં મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં જિલ્લાના ઉત્કૃષ્ટ અને શ્રેષ્ઠ શિક્ષકોએ પોતાના વિવિધ યુનિક ઈનોવેશનને પ્રદર્શિત કર્યા હતા. આ ઈનોવેશનની મદદથી આંગણવાડીથી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં લર્નિંગ સરળ બન્યું છે.





આ ઈનોવેશન ફેસ્ટિવલમાં શિક્ષણમાં કંઈક અલગ રીતે અને અલગ પ્રકારે બાળકોને સરળતા થાય અને બાળકો સરળતાથી શીખી શકે તે માટે અને તેમાં મદદ કરતા વિવિધ ઈનોવેશન જેમ કે, વેસ્ટ ટુ બેસ્ટ, વાર્તા વૈભવ, રમતા જોગી, ગાણિતિક રમતો, પસ્તી બન્યું પુસ્તક, પર્યાવરણની જાળવણી, પ્રવૃત્તિથી પ્રગતિ, ઈઝી અંગ્રેજી, શોર્ટકટ મેથ્સ ટ્રીક સહિતના વિવિધ ઈનોવેશન પ્રસ્તુત કરવામાં આવ્યા છે. એક પ્રકારે આ તમામ પ્રકારના વિવિધ ઈનોવેશનની મદદથી આંગણવાડીથી ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષામાં ધરખમ પરિવર્તન આવ્યું છે. સાથે શિક્ષણમાં ક્રાંતિ આવી છે.

જિલ્લાકક્ષા એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ-૨૦૨૬માં રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાની મુલાકાત વેળાએ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ પાથર, સ્થાનિક અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના નાના માચિયાળા મુકામે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન

## આપણાં બાળકો આવતીકાલના ભારતનું ઉજ્જવળ ભવિષ્ય છે, સારૂં શિક્ષણ અને સારી વ્યવસ્થાઓ રાજ્ય સરકારની નેમ:કૌશિક વેકરીયા



અમરેલી:અમરેલીના નાના માચીયાળા મુકામે ઉર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળાનું નવુ બિલ્ડિંગ આકાર પામતા બાળકોને સુવિધાયુક્ત શિક્ષણનો લાભ મળશે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર શિક્ષા અભિયાન અન્વયે કુલ રૂ. ૭૫ લાખના ખર્ચે સી.સી.ટી.વી, સ્માર્ટ ક્લાસરૂમ, દિવ્યાંગ સેનિટેશન સહિતની સુવિધાઓ સાથે પ્રાથમિક શાળાનું નવું બિલ્ડિંગ આકાર પામ્યું છે.

નાના માચિયાળા મુકામે કુલ રૂ. ૩૮ લાખથી વધુના ખર્ચે વિવિધ ૧૧ વિકાસકામોનું રાજ્યમંત્રીશ્રીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં રેન બસેરા, કોમ્યુનિટી હોલ, પુર સંરક્ષણ દિવાલ, બ્લોક રોડ સહિતના વિકાસકામો સમાવિષ્ટ છે. આ તમામ વિકાસકાર્યો થકી ગ્રામજનોની સુવિધાઓમાં વધારો થશે.

રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં ચારે બાજુ રોડ રસ્તા સહિતના વિકાસકામો તેજ ગતિથી આગળ ધપી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા પંચાયત ભવનથી લઈને પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગ સહિતના વિકાસકામો હાથ ધરવામાં આવ્યા છે. અમરેલીમાં જાણે વિકાસની હેલી વરસી હોય એ પ્રકારે ગુણવત્તાયુક્ત વિકાસકામો થઈ રહ્યા છે. આપણાં બાળકો આવતીકાલના ભારતનું ઉજ્જવળ ભવિષ્ય છે, સારૂં શિક્ષણ અને સારી વ્યવસ્થાઓ રાજ્ય સરકારની નેમ છે.

નાના માચીયાળા મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયત સભ્યશ્રીઓ, અમરેલી તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ શ્રી વનરાજભાઈ કોઠીવાળ, ગ્રામ પંચાયત સરપંચશ્રી અને સભ્યશ્રીઓ, સ્થાનિક અગ્રણીઓ,ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી ITI ખાતે સ્કિલ એક્સ્પોનો ભવ્ય શુભારંભ

## આઈ.ટી.આઈના ૨૨થી વધુ ટ્રેડના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા મોડલનું નિદર્શન

અમરેલી:કાયદો તથા ઊર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને અમરેલીની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે સ્કિલ એક્સ્પોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ એક્સ્પોનો ઉદ્દેશ આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓમાં ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનો રહ્યો હતો.

અમરેલી ITI ખાતે યોજાયેલા આ સ્કિલ એક્સ્પોમાં સંસ્થાના જુદા જુદા ૨૨ ટ્રેડના વિદ્યાર્થીઓ દ્વારા ૮૦થી વધુ વર્કિંગ મોડલ તૈયાર કરી પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. તાલીમાર્થીઓએ પોતાની ટેકનિકલ કુશળતા, નવીન વિચારો અને વ્યવહારુ જ્ઞાનનો સુંદર પરિચય આપ્યો હતો, જેને ઉપસ્થિત મહેમાનો અને પ્રાધ્યાપકોએ વખાણ્યો હતો.

આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રીએ









જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે દેશભરમાં 'સ્કિલ ઈન્ડિયા' મિશન અંતર્ગત યુવાનોને રોજગારલક્ષી કૌશલ્ય આપવામાં આવી રહ્યું છે.આઇ.ટી.આઇ. જેવી સંસ્થાઓ યુવાનોને આત્મનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. તાલીમાર્થીઓ ઉદ્યોગોની જરૂરિયાત મુજબ કૌશલ્ય મેળવીને સ્વરોજગાર કે રોજગારની તકો મેળવી શકે તે દિશામાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

તેમણે યુવાનોને પ્રેરણા પુરી પાડતા વધુમાં જણાવ્યું હતું કે, યુવાનોમાં અપાર ક્ષમતા અને શક્તિ રહેલી છે. યુવાનોને યોગ્ય મંચ મળે તો તેઓ પોતાના કૌશલ્યનો પરિચય આપી શકે છે અને યોગ્ય મંચથી ઉજાગર કરી શકે છે. આ દેશના યુવાનો નિષ્ફળતાનો ડર મૂકી ઝંપલાવે તો સાત સમંદર પાર કરી શકે તેવું સામર્થ્ય ભરેલું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા યુવાધનના કૌશલ્ય વિકાસ માટે અનેકવિધ કાર્યક્રમો આપવામાં આવ્યા છે ત્યારે અમરેલી જિલ્લાના દરેક તાલીમાર્થી પોતાનામાં રહેલી શક્તિઓને ઉજાગર કરી અમરેલીના સર્વાંગી વિકાસ માટે યોગદાન આપે તેવી શુભેચ્છા પાઠવી હતી.સ્કિલ એક્સ્પો થકી તાલીમાર્થીઓને પોતાના જ્ઞાનને પ્રદર્શિત કરવાની સાથે નવીનતા અને વ્યવહારુ અભિગમ વિકસાવવાનો અવસર મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.આ કાર્યક્રમમાં અમરેલી ITIના અધિકારીશ્રીઓ, શિક્ષકગણ, તાલીમાર્થીઓ તેમજ વિવિધ મહાનુભાવોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ પ્રસંગે ઔદ્યોગિક તાલીમ સંસ્થાના તેજસ્વી વિદ્યાર્થીઓ શ્રી, અમિત સોલંકી, શ્રીહરદિપ મેર અને શ્રી વિવેક ચૌહાણનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે આઇ.ટી.આઇ અમરેલીના આચાર્યશ્રી ટી.એમ. ભટ્ટ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું અને મહાનુભાવોનો સ્વાગત સત્કાર કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી સુરેશભાઈ પાથર, જિલ્લાના વિવિધ આઈ.ટી.આઈના આચાર્યશ્રીઓ, શિક્ષકો, અગ્રણીશ્રી અતુલભાઈ કાનાણી, શીતલ આઈસક્રીમના ઉદ્યોગપતિશ્રી દિનેશભાઈ ભુવા, એલ.એન્ડ.ટી ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિશ્રી પંકજભાઈ મિશ્રા, શ્રી ઉમેશભાઈ પાંડે, પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિશ્રી મોહિતભાઈ, શ્રીભાવેશભાઈ ભાલિયા ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લાને રૂ. ૪૮.૫૦ કરોડના ખર્ચે ૧૯૪ અત્યાધુનિક પંચાયત ભવનની ભેટ

## સજિયાવદર, લાપાળિયા, ચાંપાથળ મુકામે નવા પંચાયત ભવનોનું ખાતમુહૂર્ત

અમરેલી:ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લાની કુલ ૧૯૪ ગ્રામ પંચાયતોના નવા મકાનના નિર્માણ માટે ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લાના સજીયાવદર ખાતે ઊર્જા અને કાયદો રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમને સંબોધતા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ગ્રામ્ય વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગ્રામ પંચાયત મકાનોના નિર્માણથી ગ્રામ સ્વરાજને વધુ મજબૂતી મળશે તેમજ ગ્રામ્ય નાગરિકોને સરકારી સેવાઓ એક જ સ્થળે સરળતાથી ઉપલબ્ધ બનશે.

રાજ્ય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રૂ. ૪૮ કરોડથી વધુના ખર્ચે અમરેલી જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોને આધુનિક સુવિધાઓથી સજ્જ નવા મકાનો ઉપલબ્ધ બનશે, જે ગ્રામ પંચાયતોની કાર્યક્ષમતામાં વધારો કરશે અને ગ્રામ્ય વહીવટને વધુ પારદર્શક બનાવશે. આગામી સમયમાં અમરેલી વિધાનસભા મતવિસ્તારના



તમામ ગામમાં શાળાના નવા ભવન તૈયાર થશે જેની કામગીરી પ્રગતિતળે છે. માર્ગ મકાન વિભાગ રાજ્ય અને પંચાયત હસ્તકના તમામ રોડના કામ ચોમાસા પહેલા પૂર્ણ કરવામાં આવે તેવી નેમ છે. અમરેલી વિધાનસભા મતવિસ્તારની તમામ આંગણવાડીને મોડેલ આંગણવાડી બનાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. વિકાસકાર્યોની વણઝારમાં રાજ્ય સરકાર ઉદાર હાથે અમરેલીને વિકાસકાર્યોની ભેટ આપી રહી છે.

કૃષિકારોને સંબોધતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, અમરેલી વિધાનસભા મતવિસ્તારના ખેડૂતોને રાજ્ય સરકારના બે કૃષિ રાહત પેકેજની સહાય મળી છે. વર્ષ ૨૦૨૫ના કમોસમી વરસાદની નુકશાની બદલ સહાય અને તાજેતરમાં જ રાજ્ય સરકારે આપેલા રૂ. ૧૦,૦૦૦ કરોડના કૃષિ રાહત પેકેજની સહાયના નાણા કૃષિકારોના ખાતામાં જમા થઈ ગયા છે. એક તરફ રાહત સહાય બીજી તરફ રૂ. ૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવે ખરીદીથી ખેડૂતોને સરકારે આફતમાં સાથ આપ્યો છે.

આ કાર્યક્રમ પહેલા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લાપાળિયા, ચાંપાથળ મુકામે નવિન પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જ્યારે સાજિયાવદર ખાતે ઈ-ખાતમુહૂર્ત બાદ શાસ્ત્રોક્ત વિધિ દ્વારા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયતના સભ્યોશ્રી મુકેશભાઈ બગડા, શંભુભાઈ મહિડા, શ્રી કાળુભાઈ, શ્રી પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખશ્રી કિશોરભાઈ કાનપરીયા, અગ્રણીશ્રી અતુલભાઈ કાનાણી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરીમલ પંડ્યા, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ અને કર્મયોગીઓ સાજિયાવદરના સરપંચશ્રી હરેશભાઈ ધાધલ આસપાસના વિવિધ ગામના સરપંચશ્રીઓ ઉપસ્થિત

# સોનારિયા મુકામે નદી સફાઈનો શુભારંભ

## અંદાજિત ૦૬ કિલોમીટરની નદીમાં બાવળ સહિતની આડશની સફાઈ થતા ખેડૂતોને ફાયદો થશે

અમરેલી :ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને સોનારિયા મુકામે નદીની સાફસફાઈ ઝુંબેશનો પ્રારંભ થયો હતો. રાજ્ય સિંચાઈ વિભાગ દ્વારા અમરેલી જિલ્લાના સોનારીયાથી ચાંદગઢ સુધી અંદાજિત ૦૬ કિલોમીટરની લંબાઈ ધરાવતી નદીમાં ઉગી નીકળેલા ગાંડાબાવળ સહિતની આડશની સફાઈ કરવામાં આવશે.

આ પ્રસંગે નદીના પટમાં રાજ્યમંત્રીશ્રીના હસ્તે કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સ્થાનિક અગ્રણીશ્રીઓની ઉપસ્થિતિમાં રાજ્યમંત્રીશ્રીએ ખેડૂતોના વર્ષો જૂના પ્રશ્નનું નિરાકરણ આપતા શુભકામનાઓ પાઠવી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, નદીમાં



આડશના લીધે વહન ક્ષમતા ઘટી જવાથી પૂરની સ્થિતિમાં ખેતીલાયક જમીનમાં વ્યાપક ધોવાણ થતું હતું. આ માટે રાજ્ય સરકારે જરૂરી નાણાકીય જોગવાઈ કરી કામ મંજૂર કરતા આજે આ કાર્ય શરૂ થયું છે. આ વિસ્તારના ખેડૂતોની જમીન ધોવણ થતી અટકશે અને નદીની વહન ક્ષમતામાં વધારો થશે.રાજ્યમંત્રીશ્રીએ પ્રવાસ દરમિયાન અમરેલી તાલુકાના ચાંપાથળ અને ફતેપુર મુકામે રૂ. ૧૦-૧૦ લાખના અનુદાનથી નિર્મિત કોમ્યુનિટી હોલનું સ્થાનિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યુ હતું. આ પ્રસંગે તેમણે ફેતપુર મુકામે પ્રાથમિકશાળાની મુલાકાત લઈ અને ૪૧૮ જેટલી વ્યાપક સંખ્યા થવા બદલ શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયતના સભ્યોશ્રી મુકેશભાઈ બગડા, શંભુભાઈ મહિડા, શ્રી કાળુભાઈ, શ્રી પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખશ્રી કિશોરભાઈ કાનપરીયા, અગ્રણીશ્રી અતુલભાઈ કાનાણી સહિતના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ:

અમરેલી : અમરેલી તાલુકાના વાંકીયા ગામનાં વતની અને વિદ્યાસભા સંકુલનાં કેમ્પસ ડાયરેક્ટ વસંતભાઈ પેથાણીના પિતાજી નનુભાઈ જીવરાજભાઈ પેથાણીનો તા.૨૯ ને ગુરુવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

સદગતનું બેસણું તા. ૩૧ ને શનિવારના રોજ સવારે સાંજના ૫ કલાક સુધી તેમનાં નિવાસ સ્થાન વાંકિયા (તા. અમરેલી) ગામે મેઈન બજાર ખાતે રાખેલ છે.

# અમરેલી જિલ્લા કલેક્ટના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ

અમરેલી: જિલ્લા સેવા સદન અમરેલી ખાતે જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લાની પાણી પુરવઠા યોજનાઓ, નલ સે જલ યોજના અન્વયે પૂર્ણ થયેલી કામગીરીનો અહેવાલ મેળવ્યો હતો. ઉપરાંત જે કામગીરી પ્રગતિ હેઠળ છે તે બાબતે સમીક્ષા હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, નલ સે જલ યોજનામાં ૩૩૯ યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે જે પૈકી ૩૩૫ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. હાલ ૦૪ ગામની યોજનાઓ અને કામ પ્રગતિ હેઠળ છે. જેમાં અમરેલીના વરસડા ખાતે પંપ હાઉસ કામગીરી શરૂ છે જે ફેબ્રુઆરી ૨૦૨૬ના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. ઉપરાંત સાવરકુંડલાના મોટા ઝીઝુડા મુકામે પાઈપલાઈન નાંખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઉલ્લેખનીય છે કે, તા.૨૯ જાન્યુઆરી,૨૦૨૬ની સ્થિતિએ જિલ્લામાં ઓગમેન્ટેશન ટેપ કનેક્ટિવિટી ઈન રુરલ એરિયા અને નલ સે જલ યોજના અન્વયે નળ કનેક્શન માટે ૮૨૬ ગામ અને પરાઓ પૈકી ૮૧૯ ગામ અને પરાઓની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં વાસ્મોના અધિકારીશ્રી, અન્ય સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી સ્થિત ટી.પી.ગાંધી સ્કૂલ ખાતે 'બેટી બચાવો' બેટી પઢાઓ' યોજના અન્વયે કિશોરીમેળો યોજાયો

અમરેલી:

જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રીની કચેરીના માર્ગદર્શનમાં અમરેલી સ્થિત ટી.પી.ગાંધી સ્કૂલ ખાતે 'બેટી બચાવો' બેટી પઢાઓ' યોજના અન્વયે કિશોરીમેળો યોજાયો હતો. અર્બન હેલ્થ સેન્ટર આર.બી. એસ.કે સ્ટાફ ડો. કિરણબેન ગેડીયા દ્વારા કિશોરીઓના સ્વાસ્થ્ય અને માસિક સ્વચ્છતા વિષયક માહિતી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું. ઉપરાંત કિશોરીઓની આરોગ્ય તપાસણી હાથ ધરવામાં આવી હતી. સાથે ઓલ્બેનડોજેલ ટેબ્લેટ, આયર્ન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બાબરાના વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટની ચારે તરફ ૧૦૦ મીટર વિસ્તારમાં અવરજવર પર પ્રતિબંધ

અમરેલી: અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટ ખાતે તા. ૨૭.૦૧.૨૦૨૬ થી તા.૧૫.૦૨.૨૦૨૬ સુધી પોલીસ કર્મચારીઓનું વાર્ષિક ૨૦૨૫ ફાયરિંગ પ્રેક્ટિસ થનાર હોય આ સ્થિતિમાં ફાયરિંગ પ્રેક્ટિસના સમયગાળા દરમિયાન તકેદારીના ભાગરુપે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

બાબરા તાલુકાના વાંકીયા ગામના સરકારી પડતર રે.સ.નં ૬૦૧, હે.૩-૮૮-૬૩ ચો.મી વાળી જગ્યા ફાયરિંગ બટ માટેની મુકરર જગ્યાને તાર ફેન્સીગ કરી તેની બાહ્ય સીમા નક્કી છે તે મુજબ તે જગ્યાની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી રાહદારીઓની અવરજવર પર પ્રવેશબંધી છે. આ હુકમ તા. ૧૫.૦૨.૨૦૨૬ સુધી અમલી છે. આ હુકમ ભંગ કરનાર વિરુદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થશે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)